**કરપરાડાના નારવડમાં બે બેડા પાણી ભરવા માટે છથી સાત કલાક નીકળી જાય છે**

## મળસ્કે અંધારામાં જ પાણી માટે લાઇન

**પાણીની** પાઇપ તૂટી ગઇ છે અને ગામમાં એક જ હેન્ડપંપ

**કૂવો** દૂર હોવા સાથે નજીક સ્મશાન હોય ત્યાં જતાં મહિલાઓ ડરે છે



વલસાડઃ દેશ આઝાદ થયાને 75 વર્ષ વિતી ગયા હોવા છતાં કપરાડા તાલુકાના અંતરિયાળ નારવડ ગામ ખાતે પીવાના પાણી મેળવવા મહિલાઓ વ્હેલી સવારથી અંધારામાં લાઇનમાં ઊભા રહી પાણી ભરતા હોવાની ગંભીર ઘટના સામે આવી છે. કરોડોની યોજના બાદ પણ નવેમ્બર મહિનામાં પાણી માટે મહિલાઓ ઝઝૂમી રહી છે. આ સમસ્યા આશરે ત્રણથી ચાર મહિના અગાઉ માર્ગ નિર્માણ દરમિયાન તૂટેલી પાઇપ લાઇનને લઈ સર્જાઈ હોવાનું તપાસ દરમિયાન બહાર આવ્યું છે. સ્થાનિકોની વારંવાર રજૂઆત બાદ પણ પરિસ્થિતિ યથાવત રહી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, તાલુકામાં પીવાના પાણીની મુશ્કેલી નિવારવા પાણી પૂરવઠા, અસ્ટોલ યોજના, વાસ્મો સહિતની અનેક યોજનાઓ અહીં બની છે.

જોકે નિયમિત મોનીટરીંગના અભાવે પીવાના પાણીની મુશ્કેલી દૂર થતી નથી. સૌથી ગંભીર બાબત તો એ છે કે, આ ગામની મહિલાઓ સૂર્યોદય થાય તે પહેલા મળસ્કે અંધારામાં જ બે બેડા પાણી માટે લાઇન લગાવી દે છે અને ગામમાં આશરે 400 જેટલા પરિવાર હોવાથી બે બેડા પાણી ભરવામાં સાત જેટલા કલાક નીકળી જાય છે.

### પાઇપ લાઇન તૂટતા સમસ્યા ઉદભવી

નારવડ ગામમાં નવા રસ્તાનું કામ કરાતા પાઇપ લાઇન તૂટી ગઇ હતી પરંતુ રસ્તો બન્યા બાદ મહિનાઓ વીતી ગયા છે તેમ છતાં રિપેર ન થતા પાણી માટેના એકમાત્ર સ્ત્રોત એવા હેન્ડપંપ ઉપર રાત્રે અંધારામાં 3 વાગ્યા પાણી માટે લાઇનમાં ઊભા રહી એક પછી એક પાણી ભરતા બહેનોનું દ્રશ્ય જોઇ હૃદય દ્રવી જાય છે.

### ઘરનું બીજું કામ પણ થઇ શકતું નથી

સ્થાનિક મહિલાઓનું કહેવું છે કે, ગામનો કૂવો પણ ગામના છેવાડે હોય, ત્યાં સ્મશાન નજીક હોવાના કારણે બહેનો રાત્રે ત્યાં જવા માટે ડરતા હોય છે, જેના માટે ગામમાં હેન્ડપંપ ઉપર રાત્રે અંધારામાં લાઇનમાં ઊભા રહી એક પછી એક પાણી ભરતા ભરતા 9 થી 10 વાગી જાય છે જેના કારણે બહેનોને બીજું ઘરકામ પણ થઇ શકતું નથી.





## અડદામાં કણાઈ ખાડીનાં ગેરકાયદે દબાણો પર તંત્રનું બુલડોઝર ફર્યું

**રહેણાક** સોસાયટી અને કોમર્શિયલ બાંધકામોની કમ્પાઉન્ડ વોલ તોડી પડાઈ

### ચોમાસામાં પૂર અને પાણી ભરાવાની સમસ્યામાંથી રાહતની આશા

ખાડીના કુદરતી પ્રવાહને ખુલ્લો કરવાની આ કામગીરીથી આગામી ચોમાસામાં વરસાદી પાણીના ઝડપી નિકાલનો માર્ગ મોકળો બનશે. પરિણામે અડદા ગામના ખેડૂતો અને સ્થાનિક રહીશોને વર્ષોથી સતાવતી પાણી ભરાવાની અને પૂર જેવી સમસ્યામાં રાહત મળવાની આશા છે. કુદરતી જળમાર્ગો પરનાં દબાણો સામે જિલ્લા વહીવટી તંત્રની આ કડક કાર્યવાહીથી જાહેર હિતના પ્રશ્ને કોઇ બાંધછોડ નહીં કરવામાં આવે તેવો સ્પષ્ટ સંદેશ પણ આપવામાં આવ્યો છે.

નવસારી:કુદરતી જળમાર્ગો પરનાં ગેરકાયદે દબાણો સામે નવસારી જિલ્લા વહીવટી તંત્રએ કડક કાર્યવાહી હાથ ધરી છે. નવસારી ગ્રામ્ય તાલુકાના અડદા ગામે આવેલી કણાઇ ખાડીના કુદરતી પ્રવાહમાં અવરોધરૂપ બનેલાં અનધિકૃત બાંધકામો દૂર કરવા તંત્ર દ્વારા મેગા ડિમોલિશન ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ કામગીરી દરમિયાન રહેણાંક સોસાયટીની કમ્પાઉન્ડ વોલ તેમજ કોમર્શિયલ બાંધકામની કમ્પાઉન્ડ વોલ સહિતના અવરોધો જેસીબી મશીનરીની મદદથી તોડી પાડવામાં આવ્યા હતા.

અડદા ગામની કણાઇ ખાડીમાં કુદરતી પાણીના પ્રવાહને અવરોધતા દબાણોને કારણે ચોમાસા દરમિયાન વરસાદી પાણીનો યોગ્ય નિકાલ થતો ન હતો. પરિણામે આસપાસના વિસ્તારોમાં પાણી ભરાવાની સાથે પૂર જેવી પરિસ્થિતિ સર્જાતી હતી, જેના કારણે સ્થાનિક ગ્રામજનો અને ખેડૂતોને મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આ સમસ્યાને ગંભીરતાથી લઇ ડ્રેનેજ વિભાગ દ્વારા અગાઉ સંબંધિતોને નોટિસ પાઠવી સ્વૈચ્છિક રીતે દબાણો દૂર કરવા સૂચના આપવામાં આવી હતી. જોકે, નિયત સમયમર્યાદામાં દબાણો દૂર નહીં થતાં વહીવટી તંત્રએ આખરે કડક કાર્યવાહીનો માર્ગ અપનાવ્યો હતો.

જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના સીધા માર્ગદર્શન હેઠળ પ્રાંત અધિકારી, નવસારી, મામલતદાર, નવસારી ગ્રામ્ય અને ડ્રેનેજ વિભાગના કાર્યપાલક ઇજનેરના સંયુક્ત સંકલનથી વિશેષ ટીમ બનાવવામાં આવી હતી. આ ટીમ દ્વારા સ્થળ પર ડિમોલિશન કામગીરી હાથ ધરી કણાઇ ખાડીના પ્રવાહમાં નડતરરૂપ બાંધકામો દૂર કરવામાં આવ્યાં હતાં.

## ડાંગ જિલ્લામાં વાઘદેવ, નાગદેવ અને પ્રકૃતિની પૂજા સાથે દિવાળીનો પ્રારંભ

**જળ,** જંગલ, જમીન અને વન્યજીવોની પૂજા કરવાની આદિકાળથી ચાલી આવતી પરંપરા આજે પણ જીવંત



ગીરીશ ભોયે

સાપુતારાઃ ડાંગ જિલ્લામાં આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાના અનોખા સંગમ સમાન દિવાળી પર્વની શરૂઆત વાઘબારસના પવિત્ર તહેવારથી કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લાના વિવિધ ગામોમાં ગ્રામદેવતા અને પ્રકૃતિની પૂજા-અર્ચના કરીને પરંપરાગત રીતિ-રિવાજ મુજબ વાઘબારસની શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરાઈ હતી. ગામના આગેવાનો, પાટીલ, કારભારી અને ભગતોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. ડાંગની વર્ષો જૂની પરંપરા મુજબ, પ્રકૃતિ અને કુદરતી સંપદાને પૂજ્યા બાદ જ કોઈપણ તહેવારની ઉજવણીની શરૂઆત કરવામાં આવે છે. આ ક્રમમાં વાઘદેવ, નાગદેવ, મોર તેમજ જળ, જંગલ અને જમીનની વિધિવત પૂજા-અર્ચના કરવામાં આવી હતી. વિશેષ કરીને જંગલમાં અવરજવર કરતા અને જંગલ વિસ્તારની આસપાસ વસવાટ કરતા ગ્રામજનોની સુરક્ષા હંમેશાં જળવાઈ રહે તથા વન્યપ્રાણીઓ અને પક્ષીઓના કારણે માનવજીવનને કોઈ પણ પ્રકારનું નુકસાન કે મુશ્કેલી ન પહોંચે, તેવી ભાવભીની પ્રાર્થના ગ્રામજનો દ્વારા વાઘદેવ સમક્ષ કરવામાં આવી હતી.

## ચીખલીના ગોડથલથી ખેરનાં લાકડાં ભરેલા બે ટેમ્પો સાથે એક ઝડપાયો



ધર્મેશ પટેલ

ઘેજઃ ચીખલી તાલુકાના ગોડથલ ગામે વન વિભાગે છાપો મારી બે ટેમ્પોમાંથી ખેરના લાકડાનો ૮.૪૨૪ ઘન મીટરનો ૨.૩૫ લાખ રૂપિયાના જથ્થા સાથે એકની ધરપકડ કરી છે. ચીખલી રેન્જ ફોરેસ્ટ ઓફિસરએથી પ્રાપ્ત વિગત મુજબ વન વિભાગના સ્ટાફે પૂર્વ બાતમીના આધારે ગોડથલ ગામે છાપો મારી ગાવિત ફળિયામાં એક આઈશર ટેમ્પો (નં. જીજે ૧૫ એ ટી ૦૩૨૨)માંથી ૧૧૭ નંગનો ૦.૯૪૮ ઘન મીટરનો તથા બીજો એક ટેમ્પો (નં. એચઆર ૭૪ સી ૬૧૦૦)માંથી ૬૮૫ નંગનો ૭.૪૭૬ ઘન મીટર ખેર ઈમારતી લાકડાનો ગેરકાયદે ઘડતરી કરેલો કુલ રૂપિયા ૨,૩૫,૮૭૨નો જથ્થો ઝડપી પાડી બંને વાહનો કબજે કર્યા હતા. આ સાથે હેમલ અર્જુનભાઈ પટેલ (ઉં.વ.૨૮, રહે., ગોડથલ પટેલ ફળિયા, તા.ચીખલી) સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

## આહવા તાલુકા પંચાયતમાં વહીવટી અનિયમિતતા, ભ્રષ્ટાચારના આક્ષેપો

**તા.સદસ્ય** જિજ્ઞેશ સોલંકી અને રાકેશ પવારની ઉચ્ચસ્તરીય નિષ્પક્ષ તપાસની માંગ

સાપુતારાઃ ડાંગ જિલ્લાના આહવા તાલુકા પંચાયતમાં વહીવટી અનિયમિતતાઓ, ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. આહવા તાલુકા પંચાયતના સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ જિજ્ઞેશકુમાર જીતેન્દ્રભાઈ સોલંકી અને તાલુકા પંચાયત સભ્ય રાકેશભાઈ ભરતભાઈ પવાર દ્વારા તાલુકા પંચાયત કચેરીમાં થતી ખરીદી, ટેન્ડર પ્રક્રિયા, સરકારી ગ્રાન્ટોના કામો, બિલ ચૂકવણી અને વહીવટી કામગીરીમાં વ્યાપક અનિયમિતતાઓની શંકા વ્યક્ત કરી કમિશનર, સચિવ (પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ), મુખ્ય તકેદારી કમિશનર, એસીબી, જિલ્લા કલેક્ટર તેમજ જિલ્લા વિકાસ અધિકારીને આવેદન પાઠવી સત્વરે કડક પગલાં લેવાની માંગ કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવ્યા અનુસાર, જીએમ પોર્ટલ મારફત થતી ખરીદી અને બિડની શરતો ચોક્કસ એજન્સીઓને અનુકૂળ આવે તે રીતે તૈયાર કરવામાં આવતી હોવાની પ્રબળ આશંકા છે. આ ઉપરાંત, તાલુકા પંચાયતના વિવિધ સરકારી કામો, ગ્રાન્ટોની ફાળવણી અને એજન્સીઓના બિલોની ચૂકવણીમાં ટકાવારી કે કમિશનની માંગણી થતી હોવાની ગંભીર ફરિયાદો પણ મળી છે, જેમાં ખાસ કરીને મહેકમ અને બાંધકામ શાખાના સંચાલન સામે ગંભીર સવાલો ઉઠવામાં આવ્યા છે.

વધુમાં વર્તમાન તાલુકા વિકાસ અધિકારી (TDO) પિનાકીન આસોદીયાના કાર્યકાળ દરમિયાન TASP, ATVT, ૧૫મું નાણાપંચ, ધારાસભ્ય તેમજ સાંસદની ગ્રાન્ટ અને અન્ય વિકાસલક્ષી યોજનાઓ હેઠળ થયેલી સમગ્ર કામગીરીનું સ્વતંત્ર સ્પેશિયલ ઓડિટ કરાવવાની માંગ કરવામાં આવી છે. નિષ્પક્ષ તપાસ નહીં થાય તો જાહેર નાણાંની પારદર્શિતા અને ન્યાયની માંગણી સાથે જિલ્લા પંચાયત કચેરી ખાતે ઉપવાસ આંદોલન તેમજ ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવાની ફરજ પડશે. જરૂર પડ્યે આ મામલે ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી (PIL) દાખલ કરવાના વિકલ્પો પણ ખુલ્લા રાખવામાં આવ્યા છે.

## ધોળાપીપળા હાઈવે નજીક સિમેન્ટ પ્લાન્ટની ડમરીઓથી લોકો પરેશાન

**સોશિયલ** મીડિયામાં વિડીયો વાયરલ થતાં GPCB દ્વારા સ્થળ તપાસની તજવીજ



નવસારી : ધોળાપીપળા હાઈવે નજીક આવેલા અલ્ટ્રાટેક સિમેન્ટ મિક્સિંગ પ્લાન્ટમાંથી ઉડતી સિમેન્ટની ઝીણી રજકણોને કારણે આસપાસના વિસ્તારમાં પ્રદૂષણની સમસ્યા ઊભી થઈ હોવાની સ્થાનિકો દ્વારા ફરિયાદ કરવામાં આવી છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, પ્લાન્ટમાંથી ઉડતી સફેદ ડમરીઓ નજીકના મિલ પરિસર તેમજ આસપાસના વિસ્તારમાં ફેલાતાં ધૂળની પરત જોવા મળે છે. આ સમસ્યાને કારણે ત્યાં કામ કરતા શ્રમિકો અને આસપાસના રહીશોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. કેટલાક શ્રમિકો તથા સ્થાનિકોએ ખાંસી, શ્વાસ લેવામાં તકલીફ અને અન્ય સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓની ફરિયાદ કરી છે. આ અંગે અગાઉ પ્લાન્ટ સંચાલકોનું ધ્યાન દોરવામાં આવ્યું હોવા છતાં સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો ન હોવાનો સ્થાનિકોનો મત છે. સમગ્ર મામલે ફોટોગ્રાફ્સ અને વીડિયો સામે આવ્યા બાદ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા સ્થળ તપાસ કરવાની તૈયારી કરવામાં આવી રહી છે.

તપાસ દરમિયાન હવાની ગુણવત્તા, સિમેન્ટની રજકણોનું પ્રમાણ અને પ્લાન્ટમાં કાર્યરત પ્રદૂષણ નિયંત્રણ વ્યવસ્થાની ચકાસણી કરવામાં આવશે. જો તપાસમાં પર્યાવરણ સંબંધિત નિયમોનું પાલન થતું ન હોવાનું જણાશે તો બોર્ડ દ્વારા પ્લાન્ટ સંચાલકો પાસેથી ખુલાસો માંગવા સહિત નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવી શકે છે.

## નવસારીમાં દિવાળીના ફટાકડા બજારમાં મોંઘવારીનો ધડાકો

**ભાવમાં** 20થી 25 ટકાનો વધારો ઝીંકાતા ઉજવણીનું બજેટ ગરમાયું

**દિવાળી** નજીક હોવા છતાં બજારોમાં હજુ અપેક્ષિત ઘરાકીનો અભાવ

નવસારી : દિવાળીના પર્વે રંગબેરંગી રોશની અને ફટાકડાની આતશબાજીથી આકાશ ગજવવાની તૈયારી વચ્ચે જ મોંઘવારીએ ફટાકડા બજારમાં જાણે ધડાકો કર્યો છે. ચાલુ વર્ષે વિવિધ પ્રકારના ફટાકડાના ભાવમાં 20થી 25 ટકા સુધીનો વધારો થતાં દિવાળીની ઉજવણીનું બજેટ વધવાની શક્યતા છે. ઉત્પાદન ખર્ચમાં થયેલા વધારાની અસર હવે નવસારીના બજારોમાં પણ જોવા મળી રહી છે. બીજી તરફ, ભાવવધારા વચ્ચે ખરીદદારોનો ઉત્સાહ હજુ અપેક્ષા મુજબ જોવા મળતો નથી.

ફટાકડા ઉત્પાદનના મુખ્ય કેન્દ્ર શિવાકાશી સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યા મુજબ, આંતરરાષ્ટ્રીય બજારમાં કેમિકલ્સના ભાવમાં વધારો, શિપિંગમાં વિલંબ અને કાચા માલની પડતર વધવાથી ઉત્પાદકો પર ખર્ચનું ભારણ વધ્યું છે. ફટાકડામાં વપરાતા સલ્ફર, એલ્યુમિનિયમ, સોડિયમ નાઇટ્રેટ અને પોટેશિયમ નાઇટ્રેટ ઉપરાંત કાગળ, ડુપ્લેક્સ બોર્ડ, દોરા તથા પેકિંગ સામગ્રી મોંઘી થતાં ઉત્પાદન ખર્ચમાં વધારો થયો છે. પેકિંગ મટિરિયલ્સમાં જ 15થી 20 ટકા સુધીનો વધારો નોંધાયો છે. ટ્રાન્સપોર્ટેશન અને મજૂરી ખર્ચ વધતાં ઉત્પાદકોએ વેપારીઓને આપવામાં આવતા ડિસ્કાઉન્ટમાં પણ ઘટાડો કર્યો છે. ભાવવધારાની વાત કરીએ તો કલર કોઠીમાં 10થી 20 ટકા, બોમ્બ અને કલર ચકરડીમાં 15થી 25 ટકા, ફટાકડા લૂમમાં 15થી 20 ટકા, તનકતારામાં 10થી 15 ટકા તથા રોકેટ, પેન્સિલ અને ફેન્સી આતશબાજીમાં 10થી 25 ટકા સુધીનો વધારો થયો છે.

### બુકિંગ કરાવી માલ ખરીદનારા વેપારીઓને ફાયદો

નવસારીના વેપારીઓના જણાવ્યા મુજબ, ત્રણથી છ મહિના અગાઉ એડવાન્સ બુકિંગ કરાવી માલ ખરીદનારા વેપારીઓને જૂના ભાવે સ્ટોક મળતાં ફાયદો થયો છે, જ્યારે મોડેથી માલ ખરીદનારા વેપારીઓનું નફાનું માર્જિન ઘટ્યું છે. સામાન્ય રીતે અગિયારસથી ફટાકડાની ખરીદીમાં તેજી આવતી હોય છે, પરંતુ હાલ બજારોમાં ઘરાકી પ્રમાણમાં ઓછી છે. વેપારીઓને તહેવારના અંતિમ દિવસોમાં ગ્રાહકો ખરીદી માટે ઉમટી પડશે તેવી આશા છે. આમ, આ વર્ષે દિવાળીની ખુશીઓમાં આતશબાજીનો ઉમેરો કરવા ઇચ્છતા પરિવારોને ફટાકડાની ખરીદી માટે વધુ ખર્ચ કરવો પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

### ફટાકડા ફોડતી વખતે સાવચેતી રાખવા તંત્રની અપીલ

વલસાડઃ દિવાળીના પર્વની ઉજવણી દરમિયાન ફટાકડા ફોડતી વખતે નાગરિકો પોતાની તેમજ પરિવારજનોની સુરક્ષાનું ખાસ ધ્યાન રાખે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે વલસાડ જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર કલેક્ટર કચેરી દ્વારા જાહેર જનતા માટે જરૂરી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને ફટાકડા ફોડતી વખતે સાવચેતી રાખવા તેમજ અકસ્માત નિવારણ માટે સુરક્ષાના નિયમોનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

## વંકાલમાં દંપતી વચ્ચેની બોલાચાલી બાદ પત્નીની લાશ નદીમાંથી મળી

ઘેજઃ ચીખલીના વંકાલ ગામે પતિ-પત્ની વચ્ચે બોલાચાલી બાદ પત્નીની લાશ નદીના પાણીમાં ડૂબેલી હાલતમાં મળી આવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

બનાવની પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર ચીખલી તાલુકાના વંકાલ ગામના વજીફા ફળીયા ખાતે રહેતી પિનલબેન હરીશભાઇ પટેલ (ઉં.વ.૬૪)ની માનસિક સ્થિતિ સારી ન હોવા સાથે જેમની દવા ચાલતી હતી. આ દરમિયાન મંગળવારની સવારના સમયે પતિ હરીશભાઇ સાથે જમવા બાબતે બોલાચાલી થતાં ઘરેથી નીકળી ગયા બાદ પરત આવ્યા ન હતા. શોધખોળ આદરતા કોઈ ભાળ મળી ન હતી. રાત્રિના સમયે ચીખલી કાવેરી નદીના ઓવારા પાસે નદીના પાણીમાંથી લાશ મળી આવતા પોલીસે લાશનો કબજો લઇ અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.


**ધનતેરસના પાવન પ્રસંગની ખરીદી માટે હાર્દિક આમંત્રણ**

બીલીમોરા સ્ટેશનથી ફક્ત 5-7 મિનિટ | ચીખલી ચોકડીથી ફક્ત 8-10 મિનિટ

મજુરી

નવસારીથી - વલસાડથી - વાંસદાથી ફક્ત 30 મિનિટ

R.A. Parikh 5.9%*

નવસારી કે સુરતમાં અમારી કોઈ બ્રાંચ નથી.

Jewellers NX

ચીખલી - બીલીમોરા રોડ, આંતલીયા, બીલીમોરા. (પૂર્વ) Mo. 98255 58181

*શરતો લાગુ


## જાહેર નોટીશ

જત હમારા અસીલશ્રીની સુચના અને ફરમાઈશ થયેથી જણાવવાનું કે :-

જિ. નવસારી, તા. જલાલપોરના મોજે એરૂ ગામના **જુના બ્લોક/સર્વે નં. ૮૧૪-બ/૨ (નવો ૧૫૩૭)** વાળી ખેતીની જમીન રમણલાલ કુંવરજી વિગેરેનાઓની સંયુક્ત માલિકી, કબ્જા, ભોગવટા, વહીવટ, વ્યવસ્થા હેઠળની ચાલી આવેલ છે, જે પૈકી તેઓના વણવહેંચાયેલ હિસ્સાની ૧૨૨૬૩.૧૨ ચો. મીટર જેટલી જમીન ટાઈટલ કલીયર અને ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલ વાળી ચાલી આવેલ હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપેલ છે, તેમજ વેચાણ દસ્તાવેજને લગતી કાર્યવાહી ટૂંક સમયમાં હમારા અસીલ કરી લેનાર છે, આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામને જણાવવાનું કે ઉપરોક્ત જમીન-મિલકત અન્વયે કોઈનો કોઈપણ જાતનો ચાર્જ, લિયન, બોજો, લાગ-ભાગ, હકક-હિત-હિસ્સો ચાલી આવેલ હોય તો તે અંગેના લેખિત પુરાવા સહિત દિન-૭ (સાત) માં હમોને નીચે દર્શાવેલ સરનામે જાણ કરવી. મુદત દરમ્યાન આવી જાણ કરવામાં આવશે નહીં કે, ખાતરી આપવામાં આવશે નહીં તો હરકોઈનો મજકુર જમીનમાં કોઈપણ જાતનો હકક-હિત-હિસ્સો, લાગ-ભાગ કે બોજો કે દર-દાવો નહીં હોવાનું અને હોય તો તે છોડી દીધો હોવાનું ગણાશે અને હમારા અસીલ ઉપર જણાવેલ મિલકતના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અંગેની કાર્યવાહી પૂર્ણ કરાવી લેશે જેની લાગતા-વળગતાઓએ નોંધ લેવી.

મારી સૂચનાથી,
મારી મારફત,
**જતીન એચ. લાડ** (તે ખરીદનારના એડવોકેટ)
રહે. કુંભારવાડ, એરૂ, તા. જલાલપોર, જી. નવસારી. મો.: ૯૯૨૫૯ ૮૬૯૪૬


## મિલકતના ટાઈટલ ક્લીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે વલસાડ ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ તાલુકો:-**નાનાપોંઢા**ના મોજે/**વોર્ડ ગામઃ-કોચરવા(બીનખેતી)**ના **રે.સર્વે નં.૧૪૧/૫, ૧૪૨/૧, ૧૪૩/૧, ૧૪૩/૨, ૧૪૪/૧/૨, ૧૪૪/૩ તથા ૧૪૪/૪/પૈકી ૨ એકત્રીકરણ બાદ નવો રે.સર્વે નં.૧૪૧/૫, ટી-સર્વે બાદ નવો રે.સર્વે/બ્લોક નં.૨૭૭ જેનો સીટી સર્વે નં. NA277, કે જેનું ક્ષેત્રફળ ૨૮૨૨૬.૦૦ ચો.મી** થી નોંધાયેલી બીનખેતીની જમીનમાં ઔધોગીક હેતુ આયોજીત **"અનંતા ઈન્ડસ્ટ્રીયલ પાર્ક-૨"**ના નામથી ઓળખાતી સોસાયટીમાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નં : ૧૪ (સીટી સર્વે નં.NA૨૭૭/૧૪)** વાળી મિલ્કતની હાલની માલિકી **મનુભાઈ કેદારમલ અગ્રવાલ**ની ચાલી આવેલ છે. સદરહુ મિલ્કતના માલિક પાસેથી **અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૧૮૨૭૯ તા.૦૨-૧૨-૨૦૨૪ની ફકત અસલ રજીસ્ટ્રેશન ફી રસીદ** ગેરવલ્લે યાને ગુમ થયેલ હોવાનું જણાવી અમો કનૈયી સદરહુ મિલ્કતનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી સદરહુ મિલ્કત બાબતે કોઈને કોઈપણ પ્રકારનો વાંધા વિરોધ અવરોધ અટકાયત, કોઈ કોલ-કરાર, દરદાવો, હકક, હીત, હીસ્સો, દાવાદુવી કે અન્ય કોઈપણ પ્રકારનું હકક-હીત-હિસ્સો કે તરફ- તકરાર અથવા કોઈ નાણાંકીય સંસ્થાનો ચાર્જ યાને બોજો હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭માં લેખિત પુરાવા સહિત નીચે જણાવેલ સરનામાં ઉપર જાણ કરવી મુદત વિત્યે કોઈના કોઈપણ જાતના વાંધા વિરોધ અવરોધ આવશે નહીં તો સદરહુ જમીન-મિલ્કતનું અમો એડવોકેટસ ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને સદરહુ જમીન-મિલ્કત અમારા અસીલ બેંક ઈકવીટેબલ મોર્ગેજ(ગીરોમાં)લેશે અને પાછળથી કોઈના કોઈપણ જાતના વાંધા ચાલશે નહીં અને સદરહુ મિલ્કત ઉપર અમારા અસીલ બેંકનો પ્રથમ ચાર્જ રહેશે. જેની આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓએ નોંધ લેવી. **તા.૦૬-૧૧-૨૦૨૬**

ઓફીસ નંબરઃ ૪૦૧૩,સેન્ટ્રલ બાઝાર, વરાછા પોલિસ સ્ટેશનની સામે,વરાછા,સુરત
મો.: ૯૮૨૪૭-૨૧૦૦૨

**સુજીત બી.રામોલીયા**
એડવોકેટ એન્ડ નોટરી



## TPL PLASTECH LIMITED

CIN: L25209DD1992PLC004656
Regd. Office: 102, 1st Floor, Centre Point, Somnath Daman Road, Somnath, Dabhel, Nani Daman (U.T.)-396210
Corporate Off: 203, Centre Point, J.B. Nagar, Andheri Kurla Road, Andheri East, Mumbai-400059
Tel: 022-6852 4200 • Email: Info@tnpl.net.in • Website: www.tplplastech.in

EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED 30TH SEPTEMBER, 2026

(₹ In Lakhs)

| S No. | Particulars | STANDALONE | | | | | CONSOLIDATED | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Quarter ended 30.09.2026 | Quarter ended 30.09.2025 | Half Year Ended 30.09.2026 | Half Year Ended 30.09.2025 | Year Ended 31.03.2026 | Quarter ended 30.09.2026 | Quarter ended 30.09.2025 | Half Year Ended 30.09.2026 | Half Year Ended 30.09.2025 | Year Ended 31.03.2026 |
| | | (Unaudited) | | | | (Audited) | (Unaudited) | | | | (Audited) |
| 1 | Total Income | 14,868.67 | 10,688.60 | 27,308.64 | 19,729.91 | 42,266.31 | 14,951.77 | 10,688.60 | 27,391.74 | 19,729.91 | 42,266.31 |
| 2 | Net Profit from ordinary activities after tax | 849.00 | 684.80 | 1,503.38 | 1,232.26 | 2,907.24 | 837.80 | 684.80 | 1,490.19 | 1,232.26 | 2,907.07 |
| 3 | Total Comprehensive Income for the period after tax and other comprehensive Income after tax | 849.00 | 684.80 | 1,503.38 | 1,232.26 | 2,909.66 | 837.80 | 684.80 | 1,490.19 | 1,232.26 | 2,909.50 |
| 4 | Equity Share Capital (Face Value Rs. 2 each) | 1,560.06 | 1,560.06 | 1,560.06 | 1,560.06 | 1,560.06 | 1,560.06 | 1,560.06 | 1,560.06 | 1,560.06 | 1,560.06 |
| 5 | "Earnings Per Share (before extraordinary items) (of ₹ 2 each) Basic & Diluted" | 1.09 | 0.88 | 1.93 | 1.58 | 3.73 | 1.07 | 0.88 | 1.91 | 1.58 | 3.73 |

**Notes:**

1. The above is an extract of the detailed format of Unaudited Financial Results for the Quarter and Half Year ended 30th September, 2026 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Unaudited Financial Results for the Quarter and Half Year ended 30th September, 2026 are available on the Stock Exchange websites www.bseindia.com and www.nseindia.com and on the Company's website www.tplplastech.in
2. The above Unaudited Financial Results for the Quarter and Half Year ended 30th September, 2026 were reviewed by the Audit Committee and approved by the Board of Directors at the meeting held on November 04, 2026.

Place : Mumbai
Date : November 04, 2026

By order of the Board
For TPL PLASTECH LIMITED
Mahinder Kumar Wadhwa
CHAIRMAN (DIN: 00064148)